# આગામી તા.૧૯ થી ૨૧ સુધી દસમી ચિંતન શિબિર

## સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે આ વર્ષની ચિંતન શિબિરમાં પાંચ જેટલા વિષયો પર જૂથચર્ચા : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૩માં ચિંતન શિબિર શરૂ કરાવી હતી : મુખ્યમંત્રીશ્રી, મંત્રીઓ, વરિષ્ઠ સચિવો, સનદી અધિકારીઓ સહિત ૨૩૦ જેટલા લોકો શિબિરમાં જોડાશે

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્ય સરકારના મંત્રીઓ તથા વરિષ્ઠ સચિવો, વહીવટી, સનદી અધિકારીઓની ત્રિદિવસીય ચિંતન શિબિર આગામી તા.૧૯ થી ૨૧ મે-૨૦૨૩ દરમ્યાન કેવડિયા SoU ખાતે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ચિંતન શિબિરની ૧૦મી શ્રેણીનો પ્રારંભ તા.૧૯ મી મે ૨૦૨૩, શુક્રવારે કેવડીયા ખાતેથી કરાવશે. રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ, મુખ્ય અગ્ર સચિવ, મુખ્ય સલાહકાર સહિત વરિષ્ઠ અધિક મુખ્ય સચિવશ્રીઓ, સચિવો, અગ્ર સચિવો તથા જિલ્લાના કલેકટર-ડી.ડી.ઓ., મહાનગરોના કમિશ્નરો, ખાતાના વડાઓ એમ કુલ મળીને ૨૩૦ જેટલા લોકો આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં જોડાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આગામી ચિંતન શિબિરના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ૨૦૦૩થી આ ચિંતન શિબિરની પરંપરા શરૂ કરાવેલી છે. ત્રિ-દિવસીય ચિંતન શિબિરનો દરરોજ સવારે યોગ અભ્યાસ સત્રથી પ્રારંભ થશે. આ ૧૦મી ચિંતન શિબિરમાં પાંચ મુખ્ય વિષયવસ્તુ સાથેના ચર્ચાસત્રો-ગ્રુપ ડિસ્કશન્સ યોજાશે. તેમાં આરોગ્ય અને પોષણ, શહેરીકરણ અને માળખાકીય વિકાસ, સરકારી અને તમામ સ્વાયત સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતાનિર્માણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારો તેમ જ ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય અને ક્ષમતાનિર્માણને આવરી લેવાશે, શિબિરમાં સહભાગી થનારા અધિકારીઓના પ્રત્યેક ગ્રુપમાં ૪૫ એમ પાંચ ગ્રુપમાં ચર્ચાસત્રોમાં જોડાશે અને પોતાના નિષ્કર્ષ-ભલામણો પ્રસ્તુત કરશે. એટલું જ નહીં, વિવિધ વિષયોના તજજ્ઞો આ સત્રોમાં પ્રેરક માર્ગદર્શન આપશે. આ ત્રિ-દિવસીય ચિંતન-શિબિર દરમિયાન શિબિરાર્થીઓ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિવિધ આકર્ષણો અને સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસેલિટીઝની મુલાકાત, લાઈટ એન્ડ સાઉન્ડ શો નિદર્શન તેમ જ નર્મદા આરતીમાં સહભાગીતાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ દ્વારા આ ચિંતન શિબિરના સમગ્ર આયોજનના સુચારુ સંચાલન માટેની વ્યવસ્થાઓ અંગે પણ બેઠકમાં ચર્ચા-પરામર્શ હાથ ધરવામાં આવ્યા હતા. મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા સહિત વરીષ્ઠ અધિક મુખ્ય સચિવો, અગ્ર સચિવો અને સચિવો આ બેઠકમાં જોડાયા હતા.



# ભારત-પાક. વર્લ્ડ કપની મેચ અમદાવાદમાં યોજાવાની શક્યતા

નવી દિલ્હી, તા.૫

ભારત આ વર્ષે ઓક્ટોબર અને નવેમ્બરમાં યોજાનારા વનડે વર્લ્ડ કપની યજમાની કરી રહ્યું છે. આ વર્લ્ડ કપને લઈને હવે મોટા સમાચાર આવી રહ્યા છે. આ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની વર્લ્ડ કપની મેચ અમદાવાદમાં રમાઈ શકે છે. સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં થશે.

ભારત અને પાકિસ્તાનની મેચ જોવા માટે ક્રિકેટ રસીકો હંમેશા ઉત્સાહી રહેતા હોય છે. આ બંને દેશો વચ્ચે ક્રિકેટ મેચ હાઈ વોલ્ટેજ હોય છે.

વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ જોવા લોકો આતુર હોય છે ત્યારે આ બંને દેશો વચ્ચે વનડે વર્લ્ડ કપમાં



મેચ અમદાવાદના નરેન્દ્ર મોદીમાં યોજાઈ શકે છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભારતીય ક્રિકેટ બોર્ડ આ બંને દેશોની મેચ માટે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પસંદ કરી શકે છે. જો કે આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

સુત્રોના અહેવાલ મુજબ બીસીસીઆઈ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાનની હાઈ-વોલ્ટેજ મેચની યજમાની સોંપવાનો નિર્ણય કરી શકે છે. આ સ્ટેડિયમમાં ૧ લાખ પ્રેક્ષકોની બેઠક ક્ષમતા છે અને તે વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ઈન્ડિયન પ્રીમિયર લીગ પુરી થયા બાદ બીસીસીઆઈ વર્લ્ડ કપ ૨૦૨૩ના શેડ્યૂલની જાહેરાત કરી શકે છે. જો બધું બરાબર રહ્યું તો વર્લ્ડ કપ ૨૦૨૩ ૫ ઓક્ટોબરથી શરૂ થઈ શકે છે. આ મેગા ટુર્નામેન્ટ માટે ૧૨ સ્થળો શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે જેમાં નાગપુર, બેંગલુરુ, ત્રિવેન્દ્રમ સહિત મુંબઈ, દિલ્હી, લખનઉ, ગુવાહાટી, હૈદરાબાદ, કોલકાતા, રાજકોટ, ઈન્દોર અને ધર્મશાલાનો સમાવેશ થાય છે. આ મેદાનો પર પ્રેક્ટિસ મેચો પણ રમાવાની સંભાવના છે.

આ સાથે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સુરક્ષા કારણોસર પાકિસ્તાન તેની મોટાભાગની મેચ બેંગ્લોર અને ચેન્નાઈમાં રમી શકે છે. આ ઉપરાંત કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ત્રીજા સ્થળ તરીકે વાતચીત ચાલી રહી છે. પાકિસ્તાનના બાંગ્લાદેશી ચાહકોની મુસાફરીનું અંતર ઘટાડવા માટે આ ટીમની તમામ મેચો કોલકાતા અને ગુવાહાટીમાં યોજવામાં આવી શકે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લી વન-ડે મેચ વર્લ્ડ કપ ૨૦૧૯માં રમાઈ હતી. ત્યારથી બંને ટીમો વન-ડે ફોર્મેટમાં સામસામે રમી શક્યા નથી.

# દંપતિની નજર ચૂકવીને ૨.૭૮ લાખ રૂપિયા લઈને રિક્ષા ચાલક ફરાર

## ઈન્દ્રોડાના દંપતીએ ઠગાઈ થતાં જ પોલીસમાં ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૫

અમદાવાદમાં ચેઈન સ્નેચિંગ અને રિક્ષામાં નજર ચૂકવીને મુસાફરોને લૂંટતા ગઠિયાઓ ફરીવાર સક્રિય થઈ ગયા છે. ઈન્દ્રોડા ગામથી એક દંપતિ રિક્ષામાં બેસીને પથિકાશ્રમ આવ્યાં હતાં અને ત્યાંથી બીજી રિક્ષામાં બેસીને નરોડા ગામ જવા રવાના થયાં હતાં. નરોડા પહોંચતાની સાથે જ તેમની એક બેગમાંથી રિક્ષામાં બેઠેલા બે જણાએ નજર ચૂકવીને ૨.૭૮ લાખ રૂપિયા સેરવી લીધા હતાં. દંપતીએ ઠગાઈ થતાં જ શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઈન્દ્રોડા ગામમાં રહેતાં મીનાબેન ખટીક અને તેમના પતિ ઘરેથી નરોડા ગામ જવા નીકળ્યા હતાં. તેમની પાસે બે બેગ હતી. જેમાં એક કોલેજ બેગ હતી અને બીજી કપડાની બેગ હતી. આ કપડાની બેગમાં ૨.૭૮ લાખ રોકડા હતાં. આ રકમ લઈને તેઓ નરોડા ગામ તેમના પિતાના ઘરે ગયા હતાં અને ત્યાંથી તેઓ તેમના વતન રાજસ્થાન જવાના હતાં. જ્યાં તેમનું નવું મકાન બનાવવા માટેની આ મુડી હતી. તેઓ આ બે બેગ લઈને ઈન્દ્રોડાથી રિક્ષામાં બેસીને પથિકાશ્રમ આવ્યા હતાં અને ત્યાંથી બીજી રિક્ષામાં બેસીને નરોડા પાટીયા આવ્યા હતાં. નરોડા પાટીયાથી તેમના પિતાના ઘરે જવા માટે તેઓ ફરીવાર એક સીએનજી રિક્ષામાં બેઠા હતાં. આ રિક્ષામા બે માણસો પહેલાથી બેઠેલા હતાં. ત્યાર બાદ તેઓ આ રિક્ષામાંથી ઉતર્યા અને પૈસા આપ્યા હતાં. તેમણે પોતાની બેગમાં જોયું તો ૨.૭૮ લાખ નહોતા જણાયા. આ રિક્ષામાં બેઠેલા લોકોએ નજર ચૂકવીને તેમની બેગમાંથી રૂપિયા કાઢી લીધા હતા. તેમને રિક્ષાનો નંબર અને રિક્ષા કોની હતી તે પણ ખબર નહોતી. રિક્ષા વાળો પૈસા લઈને ફરાર થઈ ગયો હતો. જેથી તેમણ શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ગુજરાતમાં ૪૮ કલાક પછી કમોસમી વરસાદ લેશે વિરામ

## ગરમીનો પારો ૪૦ને પાર જશે : હવામાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સતત પલટા આવી રહ્યા છે : ખેડૂતોની સ્થિતિ સૌથી કપરી

અમદાવાદ, તા.૫

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં વરસાદની સંભાવના હજુ બે દિવસ રહેવાની આગાહી કરવામાં આવી છે, પરંતુ આ પછી હવામાન સૂકું રહેવાની અને ગરમીનો પારો ઉપર ચઢવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

બીજી તરફ બંગાળની ખાડીમાં ચક્રવાત ઉભું થવાની સંભાવના જોવાઈ રહી છે, હવે આ બંગાળની ખાડીમાં ડિપ્રેશન ક્રિએટ થયા પછી આગામી સમયમાં તેની અસરો કેવી થશે તે અંગે આગાહી કરવામાં આવશે. જો ડિપ્રેશન ચક્રવાતમાં પરિવર્તિત થશે તો તેને મોકા/મોચા નામ આપવામાં આવશે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ૪૮ કલાક સુધી વરસાદ રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આ પછી રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવનાઓ છે. હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સર્ક્યુલેશનના કારણે રાજ્યના હવામાનમાં પલટો આવ્યો છે પરંતુ તેની અસર ઓછી થતા ગરમીનું પ્રમાણ વધશે. હવામાંથી ભેજનું પ્રમાણ ઘટવાથી ગરમીમાં વધારો થવાની શરુઆત થશે.

આજના હવામાન પર નજર કરીએ તો, આજે અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં સામાન્ય કે હળવા વરસાદની આગાહી છે. આજે સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, અમરેલી, ગીર-સોમનાથ, જામનગર, જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, દીવ અને કચ્છમાં હળવા કે ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવનાઓ છે.

બે દિવસ વરસાદ થવાની સંભાવનાઓ છે અને તે દરમિયાન ગાજવીજ સાથે કેટલાક ભાગોમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન પર ફૂંકાઈ શકે છે. વરસાદ દરમિયાન સુરક્ષિત સ્થળ પર રહેવાની સૂચના આપવામાં આવી રહી છે. ચાલુ વરસાદમાં ઝાડ કે વીજળીના થાંભલાની નીચે કે નજીકમાં ના ઉભા રહેવાની સલાહ આપવામાં આવી છે.રાજ્યમાં હાલ સામાન્ય કરતા નીચું મહત્તમ તાપમાન નોંધાઈ રહ્યું છે. જેમાં ગુરુવારે સૌથી ઊંચું ૩૮ ડિગ્રી તાપમાન રાજકોટનું નોંધાયું હતું. આ સિવાય અમદાવાદ, ગાંધીનગર, ભૂજ, સુરેન્દ્રનગર, વડોદરા અને વલસાડનું તાપમાન ૩૭ ડિગ્રી નોંધાયું હતું. આગામી ૨ દિવસમાં તાપમાનમાં ૨-૪ ડિગ્રીનો વધારો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

### તલાટી-કમ મંત્રીની પરીક્ષા માટે

# રાજ્યના યુવા ઉમેદવારોને પરિવહન સેવાઓ પૂરી પાડવા મહત્વપૂર્ણ નિર્ણય

## શાળા/કોલેજની બસો તથા ખાનગી બસ સંચાલકોએ ઉમેદવારોને પરીવહનની સેવાઓ પૂરી પાડવા વાહન વ્યવહાર વિભાગ દ્વારા અનુરોધ

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજ્ય પંચાયત પસંદગી મંડળ દ્વારા રાજ્યભરમાં આગામી તા.૦૭મી મે ૨૦૨૩નાં રોજ તલાટી-કમ મંત્રીની પરીક્ષા યોજનાર છે. જેમાં ૮ લાખ કરતા વધુ ઉમેદવારો પરીક્ષા આપે તેવી શકયતા છે. રાજ્યના યુવા ઉમેદવારોને પરીક્ષા સેન્ટર સુધી અવર જવર દરમિયાન પરિવહન વ્યવસ્થામાં સહેજ પણ મુશ્કેલી ન પડે તે માટે વાહનવ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વાહન વ્યવહાર વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં પરીક્ષા આપનાર ઉમેદવારો માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. પરીક્ષાનાં દિવસોમાં શાળા/કોલેજોમાં વેકેશન હોઈ સ્કુલ બસોનાં સંચાલકો જો તલાટી-કમ મંત્રીના ઉમેદવારોને પરિવહનની સેવા પૂરી પાડવા ઈચ્છતા હોય તો ખાસ કિસ્સામાં તા.૦૬/૦૫/૨૦૨૩ તથા તા.૦૭/૦૫/૨૦૨૩નાં રોજ આવી બસોને સ્ટેજ કેરેજ તરીકે ચલાવવા નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત શાળા/કોલેજની બસોના સંચાલકો તેમજ ખાનગી બસ સંચાલકો એસ.ટી નિગમની એક્સપ્રેસ બસનું ભાડું ઉમેદવારો પાસેથી વસુલ કરી બસનું સંચાલન કરી શકશે. આ ઉપરાંત એસ.ટી નિગમની બસોમાં નિયમિત એક્સપ્રેસ મુસાફર ભાડાથી સેવાઓ પૂરી પાડવાનો પણ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથો સાથ રેલ્વે તંત્રની સાથે સંકલનમાં રહીને એક્સ્ટ્રા ટ્રેનો દોડાવી ઉમેદવારોને સમયસર પરીક્ષાના સ્થળ સુધી પહોંચાડવા આયોજન કરવામાં આવી રહ્યું છે.

શાળા/કોલેજની બસો તથા ખાનગી બસ સંચાલકોએ તલાટી-કમ મંત્રીનાં ઉમેદવારોને પરીવહનની સેવાઓ પૂરી પાડવા વાહન વ્યવહાર વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# દબાણ દૂર કરવા વ્હાલા-દવલાની નીતિ તંત્ર આચરે છે : બારોટ

## દબાણ હટાવ ટીમ દ્વારા ગલ્લા ધારકોને ગાળો બોલી પૈસા રાખવાનો ગલ્લો પૈસા સહિત લઈ લેવામાં આવે છે તો આ પૈસા ક્યાં જાય છે તેની તપાસ થવી જોઈએ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશમાં વ્હાલા-દવલાની નીતિ અપનાવવામાં આવતી હોવાનો આક્ષેપ કોંગીના કાઉન્સીલર અંકિત બારોટે કર્યો છે.

આજે મનપાના કમિશનરને આ અંગે રૂબરૂ મળી પણ તેમણે રજુઆત કરી હતી. તેમણે જણાવ્યુ છે કે દબાણ હટાવવામાં આવે તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે પણ નાના-નાના લારી-ગલ્લા કે રોજે રોજનું કમાઈ અને જીવન ગુજારતા લોકોને બદલે જેમણે પાકા દબાણો કર્યા છે તે હટાવવાની જરૂરિયાત છે. બારોટે જણાવ્યુ હતુ કે દબાણ હટાવવા જતી ટીમ દ્વારા ગલ્લા ધારકોને ગાળો બોલવામાં આવે છે એટલુ જ નહિ પૈસા રાખવાનો ગલ્લો પૈસા સહિત લઈ લેવામાં આવે છે તો આ પૈસા ક્યાં જાય છે તેની તપાસ થવી જોઈએ તેમજ અમાનીય વર્તન દાખવતા અધિકારીઓનો ખુલાસો માંગવો જોઈએ. તેમણે શહેરમાં પાકા-દબાણો કરનારા ઈસમો સામે પણ તાત્કાલિક પગલાં લઈ વ્હાલા-દવલાની નીતિનો ત્યાગ મનપા કરે તે જરૂરી છે.

### પશુપાલન નિયામક કચેરીમાં કૃષિમંત્રીએ કરી મુલાકાત

# કૃષિમંત્રીની સરપ્રાઈઝ વિઝીટ વખતે અધિકારીઓ ગેરહાજર

## મંત્રીએ ઓચિંતી વિભાગોની સરપ્રાઈઝ વિઝીટ કરતા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતા

ગાંધીનગર, તા.૫

સરકારી કચેરીઓમાં ચાલતી કામગીરી તેમજ અધિકારી, કર્મચારીઓ સમયસર આવે છે કે નહી તે જાણવા માટે તમામ મંત્રીઓને સૂચના આપવામાં આવી છે. ત્યારે આજે બીજી વખતા મંત્રીએ ઓચિંતી વિભાગોની સરપ્રાઈઝ વિઝીટ કરતા અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ત્યારે કૃષિ મંત્રીની સરપ્રાઈઝ વિઝીટમાં કેટલાક કર્મીઓ ગેરહાજર જોવા મળ્યા હતા.

૩ કચેરીની મુલાકાતમાં ૧૦ થી ૧૨ અધિકારીઓ ગેરહાજર મળ્યા હતા. કૃષિ મંત્રી રાઘવજીએ ઉચ્ચ અધિકારીઓને જરૂરી સૂચનો પણ કર્યા હતા. રજા પરના કર્મીઓનો રજા રિપોર્ટ પણ રજૂ કરવા કૃષિ મંત્રીએ આદેશ કર્યો છે. ગાંધીનગર સ્થિત પશુપાલન નિયામક કચેરીમાં કૃષિમંત્રીએ મુલાકાત કરી હતી. બાગાયત નિયામક અને બીજ નિગમની ઓફીસમાં પણ સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. ત્યારે કર્મચારીઓની હાજરી, ગેરહાજરી કર્મીનાં મુદ્દે કૃષિમંત્રી આકરા બન્યા હતા.

કૃષિમંત્રી દ્વારા અચાનક કચેરીઓમાં સરપ્રાઈઝ વિઝીટ કરતા અધિકારીઓ તેમજ કર્મચારીઓમાં ફફટાડ ફેલાઈ જવા પામ્યો હતો. ત્યારે લોકોમાં એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે, કૃષિ મંત્રી દ્વારા કરાયેલ સરપ્રાઈઝ વીઝીટથી શું સરકારી બાબુઓ સમયસર કચેરીએ આવશે કે તેમ તે એક પ્રશ્ન છે?

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### સેરવી ગયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરત આપવા માટે જણાંવ્યુ હતુ. ત્યારબાદ આ યુવાન ગાંધીનગર ડેપો પહોંચ્યો હતો. પરંતુ મોડુ થઈ ગયુ હોવાના લીધે રાત્રિના સમયે બસ મળી ન હતી જેના લીધે તેણે ડેપો સંકુલમાં જ રાતવાસો કર્યો હતો. આ દરમિયાન કોઈ ગઠીયો આ દિવ્યાંગ યુવાનના ખિસ્સામાંથી રૂ ૨૦ હજાર રોકડા ચોરી કરી ગયો હતો સવારે યુવાનને ખિસ્સુ ખાલી થયુ હોવાની જાણ થતા તેણે આ બનાવ સંદર્ભે સે- ૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપા,તા હોય છે. બહારગામથી આવતા મુલાકાતીઓ ચોરીનો ભોગ બનતા દયાજનક સ્થિતિમાં મુકાઈ જાય છે. જયારે મહીલાઓ પણ ઘણીવાર પીક પોકેટીંગનો ભોગ બને છે. આવા સંજોગોમાં અનેકવાર ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે રજુઆત કરવામાં આવી છે પરંતુ કોઈ પગલા લેવાતા નથી. પાટનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો ચિતાર મુલાકાતીઓ માટે પણ ચિંતા સાથે ભયનો વિષય છે.

### ૧૨૫૧ અરજી મંજુર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. જિલ્લા શિક્ષણ તંત્રના અધિકારી સુત્રોના જણાવવા પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ખાનગી શાળામાં પ્રવેશ પ્રક્રિયાને અનુલક્ષીને કુલ ૨૦૮૯ ફોર્મ ભરાયા છે. આ અન્વયે ગ્રામ્ય વિસ્તારમાં ૧૪૭૧ અને શહેરી વિસ્તારમાં ૬૫૮ ફોર્મ ભરાયા છે . અધિકારી સુત્રોએ કહ્યું કે આ પૈકી ગ્રામ્યમાં ૧૨૫૧ અને શહેર વિસ્તારમાં ૩૭૯ ફોર્મ મંજુર કરવામાં આવ્યા છે. જ્યારે ગ્રામ્યમાં ૨૭૯ અને શહેરમાં ૧૪૦ ફોર્મ કોઈ કારણોસર રદ કરવામાં આવ્યા છે પ્રથમ રાઉન્ડના અંતે વાલીઓ દ્વારા પોતાની રજી રદ કરવામાં આવી હોય જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૮૦ ને શહેર વિસ્તારમાં ૧૩૯ મળીને કુલ જિલ્લાના ૪૧૯ કિસ્સા નોંધવામાં આવ્યા છે. શિક્ષણ તંત્ર ના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આગામી તા ૧૩ સુધી પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા કાર્યરત રહેશે

### જગ્યા ખુલ્લી થઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યો હોવાથી હવે નવા આવાસો બાંધવા માટે નવી સાઈટની પસંદગી પણ આખરી કરાશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરમાં વર્ષો જુના જોખમી અને ભયજનક મકાનો તોડવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. જેના લીધે એક જમાનામાં સરકારી આવાસોની વસાહતથી ધમધમતા સેકટરોમાં પણ હવે ધીમે ધીમે ખાલીપો જોવા મળી રહ્યો છે. સે-૧૬ અને સે-૧૭ માં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે. સેકટરના સ્થાનિક વેપારીઓ પણ આ સેકટરોમાં નવા આવાસો બાંધવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. શહેરના સે-૬, ૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ ને બાદ કરતા અન્ય સેકટરોમાં હજુ નવા આવાસોનુ નિર્માણ કરાયુ નથી ત્યારે જે સેકટરમાંથી જુના આવાસો તોડવામાં આવી રહ્યા છે. તેવા સેકટરોમાં પણ નવા બનાવવા માટે આયોજન કરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે. સે-૩૦ માંથી ૯૬ આવાસોનો કડુસલો કરી દેવાયો છે. જયારે હજુ સે-૨૮ , સે-૨૯ અને સે-૩૦ માં પણ લાંબા સમયથી જોખમી અને જર્જરિત જોવા મળતા સરકારી આવાસોના બ્લોક તોડી નાંખવા માટે પણ તંત્રએ વિભાગને દરખાસ્ત કરી છે. જોખમી આવાસોની સ્થિતિ ચકાસીને આગળ નિર્ણય લેવાશે જયારે ડિઝાઈન સર્કલ કક્ષાએથી અભિપ્રાય આપવામાં આવ્યા બાદ જ આવાસો તોડવાની દરખાસ્તને મંજુરી આપવામાં આવશે.

### જવાન શહીદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અથડામણ વચ્ચે રાજૌરીમાં ઈન્ટરનેટ સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ડીજીપી દિલબાગ સિંહે જણાવ્યું કે, પોલીસ, સેના અને સીઆરપીએફની સંયુક્ત ટીમને વિસ્તારમાં આતંકવાદી હોવાની સૂચના મળતા ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કરાયું હતું. ડીજીપીએ કહ્યું કે, સુરક્ષા દળો શંકાસ્પદ સ્થાને પહોંચતા જ છુપાયેલા આતંકવાદીઓએ તેમના પર ફાયરિંગ કરી દીધું... ત્યારબાદ જવાબી કાર્યવાહી બાદ અથડામણ શરૂ થઈ... આ વિસ્તારમાં બેથી ત્રણ આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા છે.

### પર્દાફાશ કરે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અવાજ નથી આવતો. કોર્ટે પણ આ પ્રકારના આતંક અંગે ચિંતા વ્યક્ત કરી છે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે આ ફિલ્મ આતંકવાદી ષડયંત્ર પર બનાવવામાં આવી છે. આના દ્વારા આતંકવાદનો ભયાનક અને અસલી ચહેરો સામે આવ્યો છે. હવે કોંગ્રેસ આતંકવાદ વિરુદ્ધ બનેલી આ ફિલ્મનો વિરોધ કરી રહી છે. તેઓ આતંકવાદી વૃત્તિઓ સાથે ઉભા છે. કોંગ્રેસે હંમેશા વોટ બેંક માટે આતંકવાદનો બચાવ કર્યો છે. કોંગ્રેસ આવા આતંકવાદી વલણ ધરાવતા લોકો સાથે પાછલા બારણે રાજકીય સોદાબાજી પણ કરી રહી છે. આ માટે કર્ણાટકની જનતાએ કોંગ્રેસથી સાવધાન રહેવાની જરૂર છે. આ લોકો ફિલ્મને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### ખતરો છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દરમિયાન તેમણે પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીનું પણ સ્વાગત કર્યું, પરંતુ બંને નેતાઓ વચ્ચેનું અંતર સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. વિદેશ મંત્રી એસ. જયશંકરે બિલાવલ ભુટ્ટો ઝરદારી સાથે દૂરથી હાથ મિલાવ્યા હતા અને ફોટો પડાવતી વખતે પણ બંને થોડા અંતરે ઊભા જોવા મળ્યા હતા.

### ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી જાણકારી અનુસાર, હવે મદર ડેરીના આઉટલેટ્સથી મળતા ખાદ્ય તેલમાં ૧૫થી ૨૦ રૂપિયાનો ઘટાડો જોવા મળશે. પ્રવક્તા અનુસાર, આંતરરાષ્ટ્રીય બજારમાં ખાદ્ય તેલના ભાવમાં ઘટાડો તથા ઘરેલૂ પાકની સરળ ઉપલબ્ધતાના કારણે સોયાબીન તેલ, ચાવલ તેલ, સૂરજમુખી તેલ અને મગફળીના તેલમાં આ કાપ આવ્યો છે.